અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. **નવ** માં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં. ૫૮૧૫/૨૦૧૫**

આંક–

ફરીયાદી : સ ર કા ર શ્રી.

વિરૂ ધ્ધ.

આરોપી: ૧. મોહસીન સુલેમાનભાઈ ઘાંચી,

૨.ઈકબાલ જાફરભાઈ વોરા,

૩. શહીદ યાકુબભાઈ ઘાંચી,

૪.મોહસીન સુલતાંભાઈ વોરા,

૫.વસીમભાઈ ઈકબાલભાઈ ઘાંચી

**ગુનો : જુગાર ધારાની કલમ : ૧૨ મુજબ.**

**– : ચૂ કા દો : –**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ચાર્જશીટમા દર્શાવેલ વિગતે જાહેરમાં / ગેમ્બલીંગ હાઉસમાં જુગાર / સટ્ટો રમી પકડાઈ જઈ ગુનો કર્યાનો આક્ષેપ છે. જે મુજબ આરોપીઓ સામે હાલનુ ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપીઓ સામે ચાર્જશીટ ફાઈલ થતાં આરોપીઓને સમન્સ કરેલ જે અન્વયે આરોપીઓ હાજર થતાં આરોપી નં. ૨ તથા આરોપી નં. ૩ નાઓએ સ્વેચ્છાએ લોક–અદાલતમાં ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરેલ છે. તેમજ મુદ્દામાલ કલેમ કરતા નથી તે અંગેની પુરસીસ પણ રજુ કરેલ છે.

૩. આ કામના આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઇ ધ્યાને લેતાં, કેસ સમન્સ/સમરી ટ્રાયેબલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી નં. ૧,૪ અને આરોપી નં. ૫ સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી કે આરોપીઓ અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરિયાદ પક્ષ આરોપીઓ ને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણાં લાંબા સમયથી આરોપીઓ ની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીઓ ને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી.

પી. રામચંદ્ર વિ. કર્ણાટક રાજ્ય – ૨૦૦૨(૨) જી.એલ.આર. પાના નં.૧૫૪૯ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે "The Criminal Courts should exercise their available powers such as those under Sections 309, 311, 258 of the Code of Criminal Procedure, 1973 to effectuate the right to

speedy trial".   આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પરિપત્ર નં.૨૯૧૭/૨૦૦૬ તા.૧૭.૧૦.૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલતોને એવી સૂચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી કેસની હકીકતો કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીઓ ની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીઓ ને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતા અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતાલ ૧૯૭૩ની કલમ ૨૫૮ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.

**–: આ ખ રી  હુ ક મ :–**

(૧)આ કામના આરોપી નં. ૨ અને ૩ નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ– ૧૨(અ) હેઠળના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાં તકસીરવાન ઠરાવી બંને આરોપીઓને કોર્ટ ઉઠતા સુધીની સજા અને આરોપી દીઠ રૂા. ૧૦૦/– કુલ રૂા. ૨×૧૦૦ = ૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.વધુમાં જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન ૩ (ત્રણ) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં.૧, ૩ અને ૫ સામે ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ : ૨૫૮ મુજબ કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમ છતા પોલીસને આરોપીની શોધખોળ કરતા મળી આવે તો, સંહિતાની કલમ : ૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

(૩) મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ કોર્ટમાં જમા ન હોય તો પોલીસ સ્ટેશનમાં સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. બાકીનો મુદ્દામાલ જેવો કે ગંજી પત્તાના પત્તા, પાથરણુ, નોટબુક, પેન વિગેરે બિનકિંમતી મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ મોબાઈલ/લેપ ટોપ/ ઈલેક્ટ્રોનીક ગેઝેટ/વાહન આરોપીએ વચગાળાના હુકમે છોડાવેલ હોય તો તે આખરી રાખવામાં આવે છે. જો આરોપીએ છોડાવેલ ન હોય તો જે તે પોલીસ સ્ટેશનના પી. આઈ. શ્રીએ જાહેર હરાજી કરી તે ઉપજેલ રકમ સરકાર જમા કરવી અને તે ચલણની એક નકલ અત્રેની કોર્ટમાં જમા કરવી.

આ હુકમ આજ રોજ લોક–અદાલતમાં તા. ૨૬ મી, માહે–જુન, સને ૨૦૨૨ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૬/૦૬/૨૦૨૨
અમદાવાદ (ગ્રામ્ય)

(કુ. કે.એસ.રાણા)
નવમાં જ્યુડ. મેજી. ફ.કલાસ
મિરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય).